# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## એકઝીકયુટીવ કાઉન્સીલની તા.૦૫/૦૯/૨૦૨૦ નાં રોજ ONLINE WEBEX MEET ના માધ્યમથી યોજાયેલ ૬૭ મી બેઠકની કાર્યનોંધ

.....................................................................................................................

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકઝીકયુટીવ કાઉન્સીલની ૬૭ મી બેઠક તા.૦૫ સપ્ટેમ્બર, ૨૦૨૦ નાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે ONLINE WEBEX MEET ના માધ્યમથી આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે મુજબનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) માન.કુલપતિશ્રી – અધ્યક્ષશ્રી
(૨) ડૉ. કૃષ્ણપ્રસાદ નિરૌલાજી
(૩) ડૉ. લલીતકુમાર એ. પટેલ
(૪) શ્રી જીતેન્દ્ર બ્રહ્મભટ્ટ
(૫) ડૉ. પંકજ ત્રિવેદી
(૬) ડૉ. આશાબેન માઢક
(૭) ડૉ. દશરથ જાદવ – કુલસચિવ

સૌ પ્રથમ માન.કુલપતિશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું. તેમજ નવનિયુકત એકઝીકયુટીવ કાઉન્સિલના મહાનુભાવ ડો.આશાબેન માઢકનું સમિતિમાં સ્વાગત કરી સમિતિ વતી અભિનંદન પાઠવેલ. ત્યારબાદ કુલસચિવશ્રી દ્વારા માન.કુલપતિશ્રીની સૂચનાથી એજન્ડા મુજબની કાર્યવાહી કરવામાં આવી. ચર્ચા–વિચારણાને અંતે સર્વાનુમતે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવ્યા.

**૬૭.૦૧ ગત ઈ.સી.તા.૨૦/૦૬/૨૦૨૦ થી આજ દીન સુધી કરેલ કામગીરીનો અહેવાલ.**

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા તા.૨૦/૦૬/૨૦૨૦ થી તા.૦૪/૦૯/૨૦૨૦ સુધી કરેલ કામગીરીનો વિસ્તૃત અહેવાલ રજુ કરવામાં આવ્યો જેમાં એકેડેમિક કામગીરીનો અહેવાલ ડો.લલીતકુમાર એ. પટેલ, અધ્યક્ષશ્રી, અનુસ્નાતક વિભાગ દ્વારા પ્રસ્તુત કરેલ અને નેક અંતર્ગતની કામગીરીનો અહેવાલ માન.કુલપતિશ્રી દ્વારા રજુ કરેલ સૌ મહાનુભાવોએ યુનિવર્સિટી દ્વારા કરેલ વિવિધ કામગીરીને બહાલી આપવામાં આવી.

**૬૭.૦૨ તા.૨૬/૦૬/૨૦૨૦ ની નાણાં સમિતિની બેઠકની કાર્યનોંધને બહાલી આપવા અંગે.**

ઠરાવ : તા.૨૬/૦૬/૨૦૨૦ ના રોજ મળેલ નાણાં સમિતિની બેઠકની કાર્યનોંધને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**૬૭.૦૩ તા.૦૩/૦૯/૨૦૨૦ ની એકેડેમિક કાઉન્સીલની બેઠકની કાર્યનોંધને બહાલી આપવા અંગે.**

ઠરાવ : તા.૦૩/૦૯/૨૦૨૦ ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સીલની બેઠકની કાર્યનોંધને સર્વાનુમતે બહાલી આપવામાં આવી. જેમાં નીચેના નિર્ણયો પણ કરવામાં આવ્યા.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

(૧) **એકેડેમિક કાઉન્સીલના ઠરાવ ક્રમાંક ૩૫.૦૭ અંગે :** ચર્ચા કરી જેમાં એન.એસ.પટેલ કોલેજ, આણંદમાં ચાલતા એમ.એ. વાસ્તુ શાસ્ત્ર અને ડિપ્લોમા કેન્દ્ર માટે જોડાણ ફી ન ભરતા રીન્યુ કરવા અંગે મહાનુભાવો દ્વારા વિસ્તૃત ચર્ચા કરતાં ચર્ચાને અંતે સદર બાબતે કોલેજ દ્વારા માંગેલ સમય ૧ મહિનાની અંતિમ પત્ર પાઠવવો જો એક મહિનામાં ફી ન ભરે તો તે સંસ્થાનુ જોડાણ રદ કરવામાં આવશે તેવો ઉલ્લેખ પત્રમાં કરવો અને તે ફી સમય મર્યાદામાં ન ભરે તો તે સંસ્થાનું / અભ્યાસક્રમનું જોડાણ રદ કરવું અને તેની જાણ કરતો તેને પત્ર પાઠવવો એમ સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો.

(૨) **એકેડેમિક કાઉન્સીલના ઠરાવ ક્રમાંક ૩૫.૨૨ અંગે :** સાતકુંડા પીજીડીસીએ કેન્દ્રની આવેલ ફરિયાદનાં આધારે માન.કુલપતિશ્રી દ્વારા મનોનિત કમિટિએ આપેલ અહેવાલને ધ્યાને લઈ સ્ટડી સેન્ટર બંધ કરવા અંગેની વિચારણા કરી એકેડેમિક કાઉન્સીલની સેન્ટર બંધ કરવા અંગે ભલામણને માન્ય રાખી સેન્ટર બંધ કરી તેમની જોડાણ ફી પરત ન કરવી તથા તેમની યુનિવર્સિટીમાં ડીપોઝીટની જમા રકમમાંથી રૂબરૂ મુલાકાત લીધેલ મહાનુભાવોના ટી.એ./ડી.એ.ની રકમ બાદ કરી પરત કરવી એમ સર્વાનુમતે નિર્ણય કરવા જણાવવામાં આવ્યું.

(૩) **એકેડેમિક કાઉન્સીલના ઠરાવ ક્રમાંક ૩૫.૨૮.૦૧ અંગે :** એકેડેમિક કાઉન્સીલના વરીષ્ઠ મહાનુભાવ પ્રો.શ્રીનિવાસ વરખેડીજી દ્વારા નવી શિક્ષણ નિતીમાં સંસ્કૃતને આપેલ મહત્વની બાબત, યુનિવર્સિટીમાં વિવિધ વિષયોમાં કન્ટેન્ટ ડેવલપમેન્ટ કરી ઓપન ડીસ્ટન્સ લર્નિંગ કોર્ષ ગુજરાતી માધ્યમમાં કોર્ષ શરૂ કરવામાં આવે તો ગુજરાતી સ્થાનિક ભાષા હોવાના કારણે સ્થાનિક વિદ્યાર્થીઓની શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીમાં સંખ્યા વધે તે બાબત, ઓનલાઈન કોર્ષની બાબત, અને યુનિવર્સિટી દ્વારા દૂરદર્શિ શિક્ષણ પધ્ધતી દ્વારા ૭ ડિપ્લોમાં અભ્યાસક્રમ અને ૧ ઓનલાઈન કોર્ષ શરૂ કાર્ય છે તે બાબતે ચર્ચા કરી આ થયેલ નિર્ણયને સૌ મહાનુભાવો દ્વારા આવકારમાં આવેલ.

(૪) **એકેડેમિક કાઉન્સીલના ઠરાવ ક્રમાંક ૩૫.૨૮.૦૩ અંગે :** એકેડેમિક કાઉન્સીલના વરીષ્ઠ મહાનુભાવ ડૉ. લલિતકુમાર એ. પટેલ દ્વારા રજુઆત કરવામાં આવી કે, યુનિવર્સિટી કક્ષાએ સામાન્ય M.A.(આચાર્ય) સંસ્કૃત શરૂ કરવા જણાવેલ જેમાં ખાસ કોઈપણ વિષય સાથે સ્નાતક હોય અને M.A.(આચાર્ય) સંસ્કૃત યુનિવર્સિટીમાં કરવુ હોય તો કરી શકે તે માટે બાહય અને રેગ્યુલર યુનિવર્સિટી પરીસરમાં અભ્યાસક્રમ શરૂ થાય તેમ જણાવેલ ત્યારે તમામ સભ્યોએ સંસ્કૃત માધ્યમમાં હોવુ જોઈએ જેમાં એક સમિતિની રચના માન.કુલપતિશ્રીની કક્ષાએથી કરી તેનું પ્રારૂપ/પાઠયક્રમ અને તેના નિયમો તૈયાર કરી આગામી એકેડેમિક કાઉન્સીલમાં મુકવાનો નિર્ણય કરવામાં આવેલ હતો જે બાબતને સૌ મહાનુભાવો દ્વારા આવકારમાં આવેલ. અને તે મુજબ આગળની કાર્યવાહી કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

**૬૭.૦૪ તા.૧૦/૦૮/૨૦૨૦ ની બાંધકામ સમિતિની બેઠકની કાર્યનોંધને બહાલી આપવા અંગે.**

ઠરાવ : તા.૧૦/૦૮/૨૦૨૦ ની બાંધકામ સમિતિની બેઠકની કાર્યનોંધને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**૬૭.૦૫ યુનિવર્સિટી ખાતે ફરજ બજાવતા સ્ટાફ માટે યુનિવર્સિટી કેમ્પસમાં કવાટર બનાવવાની દરખાસ્ત કરવા અંગે.**

ઠરાવ : યુનિવર્સિટી ખાતે ફરજ બજાવતા સ્ટાફ માટે યુનિવર્સિટી કેમ્પસમાં કવાટર બનાવવાની દરખાસ્ત બાબતે ચર્ચા–વિચારણા કરતાં કર્મચારીઓ પાસેથી ૫ વર્ષની બાંહેધરી મળ્યેથી આગળની વિચારણા કરવી તેમજ દરખાસ્ત કરવી. ગીર–સોમનાથ જીલ્લાના વડા મથક વેરાવળ ખાતે કેટલાક કવાટર બનેલા છે જો તેમાં ખાલી પડેલ હોય તો યુનિવર્સિટીના કર્મચારીઓને લાભ આપવામાં આવે તે બાબતનો એક વિનંતી પત્ર જીલ્લાના કલેકટરશ્રીને મોકલી આપવો. તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**૬૭.૦૬ ફેકલ્ટીની મુદત પૂર્ણ થતાં નવી ફેકલ્ટીની કરેલ રચનાને બહાલી આપવા અંગે.**

ઠરાવ : યુનિવર્સિટીમાં જે ફેકલ્ટીની મુદત પૂર્ણ થઈ ગયેલ જેમાં નવી ફેકલ્ટીની કરેલ રચનાને સૌ મહાનુભાવો દ્વારા બહાલી આપવામાં આવી.

**૬૭.૦૭ એકઝીકયુટીવ કાઉન્સીલ તથા એકેડેમિક કાઉન્સીલમાં ફેકલ્ટીના મહાનુભાવોની મુદત પૂર્ણ થતા માન.કુલપતિશ્રી દ્વારા મનોનીત મહાનુભાવો માટે કરેલ કામગીરીને બહાલી આપવા અંગે.**

ઠરાવ : યુનિવર્સિટીની એકઝીકયુટીવ કાઉન્સીલ તથા એકેડેમિક કાઉન્સીલમાં ફેકલ્ટીના મહાનુભાવોની મુદત પૂર્ણ થતા માન.કુલપતિશ્રી દ્વારા મનોનીત મહાનુભાવો માટે કરેલ કામગીરીને સૌ મહાનુભાવો દ્વારા બહાલી આપવા અંગે.

**૬૭.૦૮ તા.૦૧/૦૯/૨૦૨૦ થી ગ્રંથાલય સમિતિનું બહાર પાડેલ જાહેરનામાને બહાલી આપવા અંગે.**

ઠરાવ : તા.૦૧/૦૯/૨૦૨૦ થી ગ્રંથાલય સમિતિનું બહાર પાડેલ જાહેરનામાને સૌ મહાનુભાવો દ્વારા બહાલી આપવા આપવામાં આવી.

**૬૭.૦૯ તા.૨૭/૦૭/૨૦૨૦ થી સંશોધન સમિતિનું બહાર પાડેલ જાહેરનામાને બહાલી આપવા અંગે.**

ઠરાવ : તા.૨૭/૦૭/૨૦૨૦ થી સંશોધન સમિતિનું બહાર પાડેલ જાહેરનામાને સૌ મહાનુભાવો દ્વારા બહાલી આપવામાં આવી.

**૬૭.૧૦ નવી બી.એડ. કોલેજ માટે સરકારશ્રીના આવેલ પત્રને ધ્યાને લઈ કરેલ કામગીરીને બહાલી આપવા બાબત.**

**ઠરાવ :** નવી બી.એડ. કોલેજ બાબતે યુનિવર્સિટી દ્વારા સરકારશ્રીના આવેલ પત્રને ધ્યાને લઈ કરેલ કામગીરીને સૌ મહાનુભાવોને અવગત કરવામાં આવ્યા તથા કુલસચિવ દ્વારા આ બાબત NCTE ની મંજુરી મેળવવા માટે યુનિવર્સિટી દ્વારા જે પ્રયત્ન કરવામાં આવ્યા છે અને હાલ આ બાબત કયા સ્ટેજ પર પહોંચી છે તે તમામ કામગીરીનો વિસ્તૃત અહેવાલ રજુ કરવામાં આવ્યો જેને સૌ મહાનુભાવો દ્વારા કરેલ કામગીરીને બહાલી આપવામાં આવી.

**૬૭.૧૧ શૈક્ષણિક ભવનના પ્રથમ માળ તથા જમીન સમતલ અને મેદાન માટેના ઈ–ટેન્ડરની બહાલી આપવા અંગે.**

**ઠરાવ :** શૈક્ષણિક ભવનના પ્રથમ માળ બનાવવા ઈ–ટેન્ડર કરવા માટે જાહેરાત આપેલ છે. તથા જમીન સમતલ અને મેદાન R & B માંથી એસ્ટીમેન્ટ ચેક થઈ આવ્યા બાદ ઈ–ટેન્ડર આપવામાં આવનાર છે. તે માહિતી આપવામાં આવી તેની કરેલ કામગીરીને સૌ મહાનુભાવો દ્વારા બહાલી આપવામાં આવી.

**૬૭.૧૨ પ્રો.દેવેન્દ્રનાથ વી. પાંડેયની વયનિવૃત્તિ બાદ ગ્રેસ પીરીયડનો લાભ આપવા અંગે.**

**ઠરાવ :** યુનિવર્સિટીના સિનિયર પ્રોફેસર દેવેન્દ્રનાથ વી. પાંડેયની વયનિવૃત્તિ બાદ ગ્રેસ પીરીયડનો લાભ આપવાની બાબતે કરેલ કામગીરીને બહાલી આપી તેમજ તેમને નિયમાનુસાર ગ્રેલ પીરીયડના લાભ સાથે નિવૃતિની તા.૧૪/૦૬/૨૦૨૧ નક્કી કરવામાં આવી તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**૬૭.૧૩ યુનિવર્સિટી ખાતે દુરદર્શી શિક્ષણનું કેન્દ્ર બનાવવા અંગે.**

**ઠરાવ :** યુનિવર્સિટી ખાતે દુરદર્શી શિક્ષણનું કેન્દ્ર બનાવવા માટે ચર્ચા–વિચારણા કરી આ બાબતે માન.કુલપતિશ્રી દ્વારા સમિતિની રચના કરી આગળ કામગીરી વધારવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**૬૭.૧૪ યુનિવર્સિટીની વિવિધ સમિતિનો સમયગાળો જે તે વર્ષમાં ૧૬ જુન થી ૧૫ જુન સુધીનો ગણવા અંગે.**

**ઠરાવ :** યુનિવર્સિટીની વિવિધ સમિતિનો સમયગાળો જે તે વર્ષમાં ૧૫ જુન થી ૧૪ જુન સુધીનો રાખવામાં આવે તેવો નિર્ણય કરી કરેલ કામગીરીને બહાલી આપવામાં આવી. તેમજ આગામી સમયમાં આ બાબતને રેગ્યુલેશનમાં પણ સમાવવામાં આવે તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**૬૭.૧૫ આસી.પ્રોફેસર(વ્યાકરણ)માં શ્રી વિદુષી બોલાની નિમણુંકની બહાલી આપવા અંગે.**

**ઠરાવ :** આસી.પ્રોફેસર(વ્યાકરણ) શ્રી તનુજા અજોતીકર રાજીનામું આપી છુટા થતાં તેમની જગ્યાએ એકઝીકયુટીવ કાઉન્સીલના નિર્ણય અનુસાર પ્રતિક્ષા યાદી મુજબ શ્રી વિદુષી બોલાની નિમણુંકની કરેલ નિમણુંકને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

## ૬૭.૧૬ મહાનુભાવોના સુચનો.

૬૭.૧૬.૦૧ : મહાનુભાવશ્રી પંકજભાઈ ત્રિવેદી દ્વારા યુનિવર્સિટી મંજુર થયેલ જગ્યાઓને ભરવાની બાબત રજુ થતા તેમાં માન.કુલપતિશ્રી દ્વારા આ વર્ષે યુનિવર્સિટી મળેલ ગ્રાન્ટની બાબતે વિસ્તૃત ચર્ચા કરી અને આ બાબતે સરકારશ્રીમાં કરેલ પત્ર વ્યવહારથી પણ સૌ મહાનુભાવોને અવગત કરવામાં આવ્યા જેમાં યુનિવર્સિટીએ કરેલ કામગીરીને સૌ મહાનુભાવો દ્વારા બહાલી આપવામાં આવી.

૬૭.૧૬.૦૨ : મહાનુભાવશ્રી કૃષ્ણપ્રસાદ નિરોલાજી દ્વારા મહાવિદ્યાલયો વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ પુરૂ પાડે જે બાબત રજુ કરતાં કુલસચિવશ્રી દ્વારા આ અંગે કરેલ 'કામગીરી સૌ મહાનુભાવોને અવગત કરવામાં આવ્યા તેમજ ચર્ચાને અંતે તમામ મહાવિદ્યાલયોને આ અંગે યુનિવર્સિટી પત્ર કરી વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ પુરૂ પાડે તેમ નિર્દેશ કરવા નિર્ણય કરવામાં આવ્યો.

૬૭.૧૬.૦૩ : મહાનુભાવશ્રી કૃષ્ણપ્રસાદ નિરોલાજી દ્વારા યુનિવર્સિટીના વહીવટમાં સંસ્કૃતનો ઉપયોગ વધારવાનુ સુચન થતાં કુલસચિવ દ્વારા માહિતી આપી યુનિવર્સિટીમાં શરૂઆત કરી દેવામાં આવી છે તાજેતરમાં થયેલ સમિતિનો કાર્યાલય આદેશ પણ સંસ્કૃતમાં કરેલ છે. તેમજ વિવિધ પ્રકારના સરળ સંસ્કૃત માટેના વાકયોનો પણ ઉપયોગ કરવા તથા સમજવાની કામગીરી માટે એક પરીપત્ર કરી સૌ કર્મચારીશ્રી/અધિકારીશ્રીઓને જાણ કરેલ છે અને આગળ ધીમે ધીમે તેનો ઉપયોગ વધારવામાં આવશે તેમ જણાવેલ ચર્ચાને અંતે યુનિવર્સિટીના વહીવટી કર્મચારીઓ માટે સંસ્કૃત પ્રશિક્ષણની શિબિરનું આયોજન કરવા માટેનો વિચાર સૌ મહાનુભાવ દ્વારા વ્યકત કરવામાં આવ્યો.

## ૬૭.૧૭ અધ્યક્ષસ્થાનેથી રજુ થાય તે.

૬૭.૧૭.૦૧ : યુનિવર્સિટી ચાલી રહેલ NAAC ની કામગીરી માટે સૌ મહાનુભાવોને માન.કુલપતિશ્રી દ્વારા અવગત કરી આ અંગે આગળની કામગીરી માટે યુનિવર્સિટી દ્વારા આઉટસોર્સીગ સેવાઓ મેળવીને પણ આ કામગીરી આગળ વધારવા માટે સૌ મહાનુભાવો દ્વારા સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો.

૬૭.૧૭.૦૨ : યુનિવર્સિટીના રેગ્યુલેશન તૈયાર કરવા માટે આર.એમ.મહેતાને કામગીરી સોંપેલ છે. તેમને કરી આપેલ કામગીરીને ફાઈનલ કરવા તથા જરૂરી અનય કામગીરી માટે અન્ય યુનિવર્સિટીમાં કુલપતિશ્રી/કુલસચિવશ્રી કે વહીવટી અધિકારી તરીકે સેવા બજાવી હોય કે બજાવતા હોય તેવા મહાનુભાવોની સેવા લઈ જરૂર પડે તેઓને ત્રણ–ચાર દિવસ બોલાવી વર્કશોપ કરી કામગીરી પુરી કરવાનું માન.કુલપતિશ્રી દ્વારા સૂચન કરેલ તેમાં સૌ મહાનુભાવોએ સુચવ્યા મુજબ કામગીરી કરવા સહમતી દર્શાવી સત્વરે કામગીરી પુરી કરવા સૂચન કરેલ છે.

માન.કુલપતિશ્રી દ્વારા આગામી એજન્ડા માટે હાજરી આપનાર ન હોઈ સૌ મહાનુભાવોનો આભાર માની કુલસચિવ તથા એકઝીકયુટીવ કાઉન્સીલના સભ્ય ડો. લલીતકુમાર એ. પટેલ ને આગામી એજન્ડામાં ભાગ ન લેવા અને સભ્ય સચિવ તરીકે સંશોધન અધિકારી ડો.કાર્તિક પંડયાજીને આગળની કામગીરી કરવા માટે ઓનોલાઈન બેઠકમાં હાજરી આપવા જણાવવામાં આવ્યુ હતુ. તેમજ તેઓ બેઠકમાંથી બહાર નીકળી ગયા હતા.

માન.કુલપતિશ્રીએ સુચવ્યા મુજબ કુલસચિવ તથા એકઝીકયુટીવ કાઉન્સીલના સભ્ય ડો. લલીતકુમાર એ. પટેલ ને આગામી એજન્ડામાં ભાગ ન લેવા બેઠક છોડી દીધી હતી અને આગળના એજન્ડા ક્રમાંક ૬૭.૧૮ પર ચર્ચા કરવા માટે સભ્ય સચિવ તરીકે સંશોધન અધિકારી ડો.કાર્તિક પંડયાજીએ હાજરી આપી આગળની કાર્યવાહી કરેલ જેમાં તેઓ કરેલ કામગીરીની કાર્યનોંધ કુલસચિવશ્રીને બંધ કવરમાં આપી હતી જે બંધ કવર પર માન.કુલપતિશ્રીએ આપેલ આદેશ મુજબ તેને ખોલવામાં આવેલ અને આ બાબતે થયેલ ઠરાવ શબ્દસહ નીચે મુજબ છે.

67.18 યુનિવર્સિટીની કન્સ્ટીટયુટ કોલેજ ખાતે આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ. રમેશચંદ્ર શુક્લ બાબતે યુનિવર્સિટી એક્ઝિક્યુટીવ કાઉન્સિલના ઠરાવ નં. ૬૦.૦૪, તા.૨૪-૧૦-૨૦૧૯ની પૂર્તતામાં, ડૉ. રમેશચંદ્ર શુક્લને તા.૨૪-૦૬-૨૦૨૦નો પત્ર આપેલ જેના પ્રતિભાવમાં તેમનો તા.૦૩-૦૭-૨૦૨૦નો પત્ર આવેલ. જેના પ્રતિભાવમાં રજિસ્ટ્રાર દ્વારા તેમને તા.૦૨-૦૯-૨૦૨૦ના રોજ પત્ર આપવામાં આવેલ છે. આ તમામ બાબત ધ્યાને લઈ વિચારણા કરવા બાબત. આ અંગે તમામ સાધનિક પત્રવ્યવહાર વગેરે માન. સભ્યશ્રીઓને જોવા માટે ઈ.મેઈલ મારફત મોકલી આપવામાં આવે છે.

ઠરાવ:- ડૉ. રમેશચંદ્ર શુક્લને લગતી આજની મીટીંગની એજન્ડા આઈટમ નં. ૬૭.૧૮ હાથ પર લેતાં અને તે બાબતે કંઈ પણ ચર્ચા વિચારણા કે કાર્યવાહી શરુ થાય તે પહેલાં, એક્ઝિક્યુટીવ કાઉન્સિલના ચેરમેન, માનનીય કુલપતિશ્રી પ્રો. ગોપબંધુ મિશ્ર સાહેબે જણાવ્યું કે બાબત "ડૉ. રમેશચંદ્ર શુક્લ દ્વારા યુનિવર્સિટીના કુલપતિશ્રી, કુલસચિવશ્રી તથા એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રી ડૉ. લલિતભાઈ પટેલ ઉપર કરેલ આક્ષેપોને" લગતી છે. તે સંજોગોમાં જો માનનીય કુલપતિશ્રી, કુલસચિવશ્રી તથા એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રી ડૉ. લલિતભાઈ પટેલ, બાબત હાથ પર લેવાય ત્યારે હાજર રહે અને ચર્ચામાં તથા થનાર નિર્ણયમાં ભાગ લે તો તે કુદરતી ન્યાયના સિધ્ધાંતના ભંગ સમાન થાય જે યોગ્ય નથી. જેથી એક્ઝિક્યુટીવ કાઉન્સિલના ચેરમેન માનનીય કુલપતિશ્રી પ્રો. ગોપબંધુ મિશ્ર સાહેબ, એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યસચિવશ્રી - કુલસચિવશ્રી ડૉ. દશરથ જાદવ તથા એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રી ડૉ. લલિતભાઈ પટેલ, એક્ઝિક્યુટીવ કાઉન્સિલ Online બેઠક છોડી બહાર નીકળી ગયેલ અને આ આઈટમ પૂરતું તેમણે કંઈપણ ચર્ચા, વિચારણા કે કાર્યવાહીમાં ભાગ લીધેલ નથી કે કોઈ સૂચન કરેલ નથી અને અળગા રહ્યાં છે. આ બાબતે એક્ઝિક્યુટીવ કાઉન્સિલના અન્ય સભ્યશ્રીઓને નિર્ણય કરવા જણાવેલ છે. આ એજન્ડા આઈટમ નં. ૬૭.૧૮ પુરતા, એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યસચિવશ્રી તરીકે ડૉ. કાર્તિક પંડ્યા, સંશોધન અધિકારીશ્રી, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળે સ્થાન ગ્રહણ કરેલ. ત્યારબાદ સભાની કાર્યવાહી આગળ ચાલેલ.

સભ્યસચિવશ્રી તરીકે ડૉ. કાર્તિક પંડ્યાએ, ડૉ. રમેશચંદ્ર શુક્લની બાબત અંગેનું સાધનિક રેકર્ડ રજૂ કર્યુ, જે ધ્યાને લીધું. ડૉ. રમેશચંદ્ર શુક્લને, એક્ઝિક્યુટીવ કાઉન્સિલના ઠરાવ નં. ૬૦.૦૪, તા. ૨૪-૧૦-૨૦૧૯ના અનુસંધાનમાં, તા. ૨૪-૦૬-૨૦૨૦નો પત્ર આપવામાં આવેલ, જેના પ્રતિભાવમાં તેઓએ તા. ૦૩-૦૭-૨૦૨૦નો ૨૪ પાનાનો પત્ર પાઠવેલ. જેના પ્રતિભાવમાં યુનિવર્સિટી કુલસચિવશ્રીએ તા. ૦૨-૦૯-૨૦૨૦નો પત્ર પાઠવેલ. આ તમામ બાબતોને ધ્યાને લીધી. ડૉ. રમેશચંદ્ર શુક્લને પાઠવેલ તા. ૨૪-૦૬-૨૦૨૦નો પત્ર,

કરેલ ઠરાવ મુજબ આપેલાનું જણાય છે. તેના પ્રતિભાવમાં ડૉ. રમેશચંદ્ર શુક્લએ પાઠવેલ તા. ૦૩-૦૭-૨૦૨૦ના પત્રમાં જણાવેલ બાબતોને ધ્યાને લેતાં જણાય છે કે:-

(૧) તા. ૨૪-૦૬-૨૦૨૦ના પત્રનો, ડૉ. રમેશંચદ્ર શુક્લએ આપેલ પ્રતિભાવ સંતોષકારક નથી અને તપાસ સમિતિએ આપેલ રીપોર્ટ મુજબ તેમણે યુનિવર્સિટીના હાલના માનનીય કુલપતિશ્રી તથા કુલસચિવશ્રી પર આધાર વિનાના ખોટા આક્ષેપ કરેલ તેવું પ્રથમ દર્શને જણાય છે.

(૨) એટલું જ નહિ તેઓએ તેમના પ્રતિભાવના તા.૦૩-૦૭-૨૦૨૦ના પત્રમાં યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. ગોપબંધુ મિશ્ર સાહેબ, યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડૉ. દશરથ જાદવ તથા એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રી ડૉ. લલિતભાઈ પટેલ તથા એકેડેમિક કાઉન્સિલના સભ્યશ્રી જયશંકર રાવલ સામે નવેસરથી બીજા કેટલાક વધારાના આક્ષેપો કરેલા જણાય છે, જે બાબતે કુલસચિવશ્રી ડૉ. દશરથ જાદવજીએ તા. ૦૨-૦૯૨૦૨૦નો પ્રતિભાવ પત્ર આપેલ છે અને તેનાથી માનનીય કુલપતિશ્રી તથા કુલસચિવશ્રી પર કરેલા આક્ષેપો નકારેલા છે. ડૉ. રમેશચંદ્ર શુક્લએ તેમના પત્ર સાથે કોઈ આધાર પુરાવા કે સાક્ષીના નામ જોડેલ નથી. તેમણે તેમના પ્રતિભાવના પત્રમાં નવેસરથી કરેલ વધારાના આક્ષેપો જો સાચા ન જણાય તો પ્રથમ દર્શને તેમના દ્વારા તે ખૂબ જ ગંભીર "ગેરવર્તણૂક" ગણાય. તેમણે કરેલ આ આક્ષેપો તેમની ગંભીર "ગેરવર્તણૂક" છે કે કેમ (૧) તે તેમને આ બાબતે પત્ર / કારણદર્શક નોટીસ આપી તેમનો ખુલાસો માંગી તેઓ તેના પ્રતિભાવમાં જે જણાવે તે ધ્યાને લીધા વગર નક્કી થઈ શકે નહિ. (૨) તે જ રીતે તેમણે ડૉ. લલિતભાઈ પટેલ તથા જયશંકરભાઈ રાવલ પર કરેલ આક્ષેપો પણ સાચા છે કે કેમ? તે બાબતે આ બંનેને, ડૉ. રમેશંચદ્ર શુક્લના તા. ૦૩-૦૭-૨૦૨૦ના પત્રની વંચાય તેવી અને ચાર સાઈડમાંથી અક્ષરો કપાય નહિ તેવી સરસ નકલ આપી તેઓ તે બાબતે શું કહેવા માંગે છે તે બાબતે તેમનો સ્વતંત્ર અભિપ્રાય લેખિતમાં આપવા જણાવીએ જે આવ્યેથી તે ધ્યાને લઈ નક્કી થઇ શકે. (૩) જેથી કુદરતી ન્યાયના સિદ્ધાંત મુજબ તેમણે અગાઉ કરેલા આક્ષેપો તથા તેમના તા. ૦૩-૦૭-૨૦૨૦ના પત્રમાં નવેસરથી કરેલ વધારાના આક્ષેપો સબબ આ તમામ આક્ષેપો સ્પષ્ટ જણાવી "એકત્રિત (Consolidated)" પત્ર / કારણદર્શક નોટીસ ઈસ્યુ કરવી અને તે મળ્યા તારીખથી, મળ્યા તારીખનો દિવસ બાદ કરી, યુનિવર્સિટી અને જાહેર રજાના દિવસો બાદ કરી, ૧૫ દિવસમાં તે બાબતે તેઓ જે કંઈ જણાવવા માંગતા હોય તે જણાવવા જણાવવું અને (૪) તેમના તા. ૦૩-૦૭-૨૦૨૦ના પત્રની નકલ ડૉ. લલિતભાઈ પટેલ તથા શ્રી જયશંકરભાઈ રાવલને આપી તેઓ તે બાબતે શું કહેવા માંગે છે તેની પૃચ્છા કરવી અને તેમનો પ્રતિભાવ શક્ય હોય તો ૧૫ દિવસમાં આપવા વિનંતી કરવી અને ત્યારબાદ તે બાબતે તેમનો પ્રતિભાવ આવ્યેથી તે ત્યારપછીની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મીટીંગમાં આગળની વિચારણા અર્થે રજૂ કરવું.

(૩) "ધ સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી એક્ટ, ૨૦૦૫" મુજબ, યુનિવર્સિટીનો વહીવટ "રજીસ્ટ્રાર" ના નામે અને તેમના દ્વારા ચાલે છે. યુનિવર્સિટીનો સત્તાવાર પત્ર વ્યવહાર પણ "યુનિવર્સિટી રજીસ્ટ્રાર" દ્વારા થતો હોય છે. તે સંજોગોમાં ભલે ડૉ. રમેશચંદ્ર શુક્લએ "રજીસ્ટ્રાર – ડૉ. દશરથ જાદવ" પર આક્ષેપ કરેલા હોય, તેમ છતાં "Principle of Necessity - જરૂરિયાતના સિદ્ધાંત" મુજબ તેઓએ તેમની સહીથી ડૉ. રમેશચંદ્ર શુક્લને આપવાનો પત્ર/કારણદર્શક નોટીસ તથા ડૉ. લલિતભાઈ પટેલ અને શ્રી જયશંકરભાઈ રાવલને આપવાનો પત્ર વગેરે યુનિવર્સિટી વતી આપવા અને આ ઠરાવના પાલનના ભાગરૂપે તેઓ તેમ કરે તેટલા માત્રથી તેમણે પોતાની સામે થયેલ આક્ષેપ વાળી બાબતમાં પોતે જ પત્ર/કારણદર્શક નોટીસ ઈસ્યુ કરી કુદરતી ન્યાયના સિદ્ધાંતનો ભંગ કરેલ છે તેમ ગણાશે નહીં.

(ડૉ.દશરથ જાદવ)
કુલસચિવ